R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 51 DATE: 20-12-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## ઇબોલા ફાઇટર્સ ને ટાઇમ પર્સન ઓફ ધ યર નો એવોર્ડ મળ્યો




વર્ષ ૨૦૧૪નો ટાઇમ પર્સન ઓફ ધ યરનો ખિતાબ મહામારી ફેલાવનાર ઈબોલા સામે લડનારા ઈબોલા ફાયટર્સને ફાળે ગયો હતો. ટાઇમ મેગેઝીનના એડીટર નેન્સી ગિબ્સે જણાવ્યું હતું કે દુનિયાના લોકો શાંતિથી સુઇ શકે છે. અથાક મહેનત કરી, જીવને જોખમમાં નાંખી, બલિદાન આપી અનેકનો જીવ બચાવનારા ઈબોલાના ફાઈટર્સ ટાઈમ ૨૦૧૪ પર્સન ઓફ ધ યર છે.જો કે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી રીડર્સ પોલમાં પર્સન ઓફ ધ યર બન્યા હતા.પરંતુ એડીટર્સ બોર્ડે ઈબોલા ફાઈટર્સને પસંદ કર્યા હતા.

## એલ પી જી સબસીડી માટે આધાર નંબરની જરુર નથી

સરકારે સ્પષ્ટ કરી દીધુ છે કે રાંધણ ગેસ(એલપીજી)સિલિન્ડર પર મળતી સબસીડીની રકમ ટ્રાન્સફર કરાવવા માટે આધાર કાર્ડ અને નંબરની જરુર નથી. ગ્રાહકનું બેંક ખાતુ હશે તો પણ પુરતું છે. પેટ્રોલીયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને લોકસભામાં આપેલ માહીતી મુજબ સબસીડી મેળવવા માટે ગ્રાહકો પાસે બે વિકલ્પ છે.જેમની પાસે આધાર નંબર છે તેમને તેના આધારે કેશ ટ્રાન્સફર થઈ જશે.જેમની પાસે આધાર નંબર છે તેમણે તેમના બેન્ક ખાતા નંબર સાથે અને એલપીજી ગ્રાહક નંબર સાથે તે લિન્ક કરવાનો રહેશે.જેમની પાસે આધાર નંબર નથી તે લોકો સીધા જ તેમના બેન્ક ખાતામાં સબસડી મેળવી શકશે.જેમની પાસે આધાર નંબર નથી તે લોકોને પણ તેના અભાવે સબસીડી મળી શકશે.રાંધણ ગેસની સબસીડીનો સીધો લાભ ગ્રાહકોને આપવાની યોજના અંતગર્ત ગ્રાહકને તમામ એલપીજી સીલીન્ડર બજાર ભાવે મળશે અને સબસીડીની રકમ તેમના ખાતામાં ટ્રાન્સફર થઈ જશે.

## ખોટા કેસો કરતી પત્નીઓને સુપ્રીમની સલાહ

દહેજ વિરોધી ધારા ૪૯૮એના દુરપયોગ સામે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યકત કરતાં જણાવ્યું હતું કે આ ધારા અંતગર્ત નોધાતા ક્રુરતા અને ધરેલું હિંસાના ખોટા કેસો લગ્નજીવનમાં ભંગાણ સર્જી રહ્યા છે.સાસરીયા વિરુધ્ધ નોંધાતી ખોટી ફરિયાદોને કારણે પતિઓ પત્નીને પુનઃસ્વીકારવાની અનિચ્છા દાખવે છે.ભારતના મુખ્ય ન્યાયમુર્તિ એચ એલ દત્તુ અને જસ્ટીસ એ કે સિકરીની બેન્ચે જણાવ્યું હતું કે વહુ દ્વારા ધારા ૯૮એ અંતગર્ત નોધાવાતી ફરિયાદ ખોટી ફરિયાદ હોવાને કારણે સાસરિયા અને વિશે કરીને પતિના વૃધ્ધ માંબાપને કોઈપણ વાંકવિના જેલમાં ધકેલી દેવાય છે. તેથી આવા ખોટા કેસો કરતી મહિલાઓને સલાહ છે કે તેઓ આ ધારા અંતગર્ત ફરિયાદ ના કરે અને વૃધ્ધ સાસુ સસરાને ખોટી હેરાનગતિ ના કરે.આવુ કરવાથી તમારા લગ્નજીવનમાં ભંગાણ પડશે.



## દિલ્હીમાં કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તી ચર્ચને જલાવી દેવાયું : ન્યાયીક તપાસની માંગણી

સેન્ટ સેબીસ્ટીયન ચર્ચ,દીલશાદ ગાર્ડન,દિલ્હી ખાતે આવેલ છે તેને કેટલાંક કટ્ટરવાદીઓ દ્વારા આગ લગાડીને ભસ્મીભુત કરી દેવાયું હતું.હજારો લોકો દિલ્હી પોલીસ હેડકવાટ્ર્સ ની સામે એકઠા મળ્યા હતા અને ચર્ચને જલાવી દેવા માટે તપાસ કરીને ગુનેગારોને ઝડપથી પકડી લેવા માટે માંગણી કરી હતી.દિલ્હી આર્ચબિશપ અનિલ જે.કોઉટોએ આ ઘટનામાં વડા પ્રધાન તેમજ ગૃહમંત્રીને અપીલ કરી હતી કે તાત્કાલિક જયુડીશીયલ ઈન્કવાયરી કરાવે.

સેન્ટ સેબીસ્ટીયન ચર્ચ માં આશરે ૩૦૦૦ હજાર જેટલા સભ્યો દર રવિવારે પ્રભુ ભક્તિ માટે એકઠા મળે છે.સોમવારે કેટલાક અજાણ્યા કટ્ટરવાદીઓએ ચર્ચમાં ઘુસી જઈને તોડફોડ કરીને જલાવી દીધું હતું.આવા અધમ કૃત્ય માટે ખ્રિસ્તીઓએ તાત્કાલિક પગલાં લેવા સત્તાવાળાઓને અપીલ કરી હતી. આગ સવારે ૬.૩૦વાગે લગાડાઈ હતી.પરંતુ ચર્ચના પાસ્ટર ફાધર ફાંસીસને આ બાબતે તેમના સીકયુરીટી ગાર્ડે જાણ કરી હતી. અને તેઓએ પોલીસે જાણ કરી હતી.૮.૩૦ વાગ્યે આગ પર કાબુ મેળવાયો હતો.તેવું ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું.પરંતુ આ સમય દરમિયાન ચર્ચની તમામ પ્રોપર્ટી બળીને ખાક થઈ ગઈ હતી.અમોને આગ બાબતનો કોલ ૭.૨૫ મળ્યો હતો.ફર્નીચરમાં આગ લાગી છે તેવું કારણ હતું.ચાર ફાયર ફાયટરો સ્થળે ધસી ગયા હતા.અને ૮.૩૦ સુધીમાં આગ ઉપર કાબુ મેળવી લેવાયો હતો.આ જાણી જોઈને કરાયેલ કૃત્ય હતું કેમકે સ્થળ પરથી કેરોસીનની વાસ આવતી હતી.તેવું ફાધર સ્ટેનલી કોઝીચીરા,મીડીયા ડીરેકટર,દિલ્હી ડાયોસીસે જણાવ્યુ હતું.

સીનીયર પોલીસ ઓફીસર (દિલ્હી)એ જણાવ્યું હતું કે તેમને સ્થળ ઉપરથી એક કેરોસીનનું કેન મળી આવ્યું હતું. કે જે ચર્ચના બીજા માળ ઉપર હતું.પરંતુ તેથી અમો આ કોઈ કાવતરુ છે તે હાલમાં કહી શકીએ નહી.પરંતુ આ બાબતમાં અમો જરુરથી ચકાસણી કરીશું.પોલીસે આ બાબતની એફ આઈ આર અજાણ્યા લોકો સામે નોંધી છે.જેમાં બદ ઈરાદાથી કરાયેલ કૃત્ય તરીકે ગુનો દાખલ કરાયો છે.ચર્ચે પોલીસને જાણ કર્યા હોવા છતાં તેમણે આ બાબતેને ખુબ હળવાશથી લીધી હતી.અને મોડેથી ફાયરબ્રિગેડને જાણકારી આપી હતી.પોલીસ અને ફોરેન્સીક ટીમ ૫.૩૦ પી.એમ. ત્યાં પહોચી હતી,જ્યારે આગ સવારના પહોરમાં લાગી હતી.તેવું ફાધર ફ્રાસીસે જણાવ્યું હતું.પોલીસ સ્ટેશનની સામે દેખાવો કરનારાની માંગણી તાત્કાલીક તપાસ કરવાની હતી.દિલ્હી કેપીટલમાં ચર્ચ સળગાવી દેવાની બનેલી ઘટનાથી દિલ્હીમાં વસતા ખ્રિસ્તીઓને આઘાત લાગ્યો છે.જો દેશના પાટનગરમાં જ આવુ બને તો દેશના અન્ય ભાગો માટે કલ્પના જ કરવી રહી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

આતંકવાદનો બિહામણો ચહેરો વધુને વધુ ક્રુર બનતો જાય છે. હજુ તો સીડનીના કાફે પરના ત્રાસવાદી હુમલાની સ્યાહી સુકાઇ નથી ત્યાં તહેરિક તાલીબાન-પાકિસ્તાનએ પેશાવરની એક આર્મી સ્કુલ પર હુમલો કરીને ૧૪૧ જેટલા લોકોની હત્યા કરી.જેમાં મોટી સંખ્યામાં બાળકો હતો.પેશાવરની સ્કુલ પરનો હુમલો ક્રુર છે.માસુમ બાળકોની લાશો પાડવા માટે લશ્કર તેમને રંજાડી રહ્યું છે તેનો બદલો લેવા માટે આ હુમલો કરાયો છે.પાકિસ્તાન તાલીબો પોતાની બાલીશતા સાથે ધાતકીપણાનો અહેસાસ કરાવ્યો છે.

મોટા ભાગના બાળકોના માથામાં ગોળીઓ મારવામાં આવી હતી.કેટલાકને ત્રણથી ચાર ગોળીઓ મારવામાં આવી હતી.આતંકીઓનો ઈરાદો સ્કુલમાં તમામની હત્યા કરવાનો હતો.તેઓ સ્કુલમાંથી કોઇ વ્યક્તિ બચી જાય તેમ ઈચ્છતા નહોતા.

ઈસીસ નામના સંગઠને તાજેતરમાં સેકડો મહીલાઓની હત્યા કરી જેમાં ગર્ભવતી મહિલાઓનો સમાવેશ થાયછે.આ અપહરણ કરાયેલ સ્ત્રીઓ પૈકીની કેટલીકને સેક્સ ગુલામ તરીકે વેચવામાં આવી રહી છે.મુસ્લીમ રાષ્ટ્રોએ ત્રાસવાદ સામે સંગઠનમાં જોડાઈને આતંકીઓનો સફાયો કરવો પડશે.વિશ્વમાં શાંતિ સ્થાપવી હશે તો તૈયારી કરવી પડશે. જો કે આ બધા સંગઠનોને દુધ પાઈને જે રાષ્ટ્રોએ ઉછેર્યા છે તેમને હવે તેઓ તેમને તો કનડી રહ્યા છે. પરંતુ સાથે સાથે બીજા અનેકોને તેઓ કનડી રહ્યાછે.બોકો હરામ નામનું નાઈજીરીયાનું મુસ્લીમ સંગઠન ના પણ કારનામાઓમાં રોજબરોજ અનેક નિર્દોષોની હત્યા અને સ્ત્રીઓના અપહરણ સમાચારોમાં જોવા મળે છે. આ બધાની સામે બધા જ રાષ્ટ્રોએ સંગઠિત થઈને લડત આપવાની છે.કોઇ દેશની છુટી છવાઇ લડતથી કામ નહિં ચાલે.મુસ્લીમ રાષ્ટ્રોએ પણ આતંકવાદ સામેના સંઘર્ષમાં જોડાવું પડશે.ત્રાસવાદી સંગઠનો તેમને હવે વધુ કઠી રહ્યા છે. જો કે તેઓએ તેમને શરણ વધુ આપ્યુ છે.

આતંક ફેલાવવાથી કોઈ મકસદ હાંસલ થતો નથી. માત્ર શાંતિ હણાઈ જાય છે લોકોની વચ્ચે એકતામાં દરાર આવે છે.વિશ્વાસ તુટી જાય છે.અને અંતે તો જેને આપણે માનવજાતનો વિકાસ કહીએ છીએ તેનો માર્ગ રુંધાઈ જાય છે.વિશ્વમાં જે ઝડપથી પ્રગતિ થઈ રહી છે. તેને લક્ષમાં લઈએ તો જ્ઞાન સદમાર્ગે વપરાવાના બદલે માર્ગ બદલી રહ્યું દેખાય છે.જ્ઞાનનો ઉપયોગ માનવજાતના વિકાસ માટે જ થાય એ જરુરી છે. કોઈ ધર્મ અર્ધમને ટેકો આપતો નથી. હિંસાને બિરદાવતો નથી. કે ધિક્કારની લાગણીઓ ફેલાવતો નથી.

## ગુજરાતમાં વાઇબ્રન્ટ સમિટ-૨૦૧૪માં પાકિસ્તાનના આવકાર સામે શિવસેનાનો વિરોધ

ગુજરાતમાં યોજાઈ રહેલા વાઈબ્રન્ટ સમીટ-૦૧૪માં પાકિસ્તાનને ગુજરાત સરકાર તરફથી કોઈ આમંત્રણ આપવામાં આવ્યું નથી. પરંતુ સરકારના નાણાંમંત્રી તરફથી ન્યુઝ ચેનલોને અપાયેલ એક ઈન્ટરવ્યુંમાં જણાવાયું હતું કે પાકિસ્તાનથી કોઈ ડેલીગેશન સમિટમાં આવશે તો અમે તેને આવકારીશું.આ બાબતનો શિવસેના દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. કેટલાક શિવસૈનિકો સચિવાલયમાં ઘુસી ગયા હતા. અને ધમકી આપી હતી કે પાકિસ્તાન માટે રેડકાર્પેટ પાથરી છે તો જોવા જેવી થશે.તેમની ધમાલથી આખા સચિવાલયમાં ગરમાવો આવી ગયો હતો.સલામતી શાખાએ પોલીસ બોલાવીને તમામ શિવસૈનિકોને શાંત કર્યા હતા. શિવસૈનિકોના નેતા મધ્ય ગુજરાતના પ્રમુખ અશોક શર્માએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને આવેદન પત્ર આપીને માંગણી કરી હતી,કે ભાજપ શહીદોનું સન્માન જાળવે.સચિલાયલ સંકુલમાં સલામતીની વ્યવસ્થા પર એક વાર વિચાર કરવો જરુરી છે.કોઈપણ પરિબળો ઘુસી જઈને ધમાલ કરે તો તેને જાળવવાની વ્યવસ્થા નથી.સલામતીની વ્યવસ્થામાં ખામી જરુર છે અથવા તો જાણી જોઈને સલામતી વ્યવસ્થાપકોએ ધમાલ કરનારાઓને ઘુસી જવા દીધા હતા.આજ પ્રમાણે જો આતંકીઓ ઘુસી જાય તો પુરા સંકુલમાં અવ્યવસ્થા સર્જાઈ શકે છે.

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ००८९८
E.mail : drhamparikh@yahoo.co.in

## ગુજરાતની પોલીસ વાઇબ્રન્ટ માટે વિદેશી રીતભાત શીખશે

ગુજરાત સરકારની વાઈબ્રન્ટ સમિટ માટે સરકારે કેટલીક સરભરા માટે વ્યવસ્થાનું આયોજન કર્યું છે.વાઈબ્રન્ટ સમિટમાં અનેક વિદેશી મહેમાનો પરદેશથી આવશે.તેમજ વાઈબ્રન્ટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને દેશના રાષ્ટ્રપતિ પ્રણવ મુર્કજી ભાગ લેવા આવનાર છે તેથી વિદેશી મહેમાનો અનો અતિથિઓની સુરક્ષાની ખાસ વ્યવસ્થા માટે પોલીસ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

મહેમાનોની આવવા જવા માટેની વ્યવસ્થા એરપોર્ટથી માંડીને મહાત્મા મંદિર,હોટેલ સુધીની કરવાની છે. તે માટે પોલીસને ખાસ ડ્રેસમાં હાજર રહેવાનું છે.આ માટે પોલીસ કોન્સ્ટેબલથ માંડીને ડીવાયએસપી કક્ષાના ૩૦૦ જેટલા કર્મચારીઓ,અધિકારીઓને અંગ્રેજી બોલવા ઉપરાંત વિદેશ રીતભાતની તાલીમ આપવાના ખાસ કલાસીસ શરુ કરવામાં આવ્યા છે.આપણી પોલીસને ઉચ્ચ કક્ષાની તાલીમ અપાયા બાદ જો તેમાં પરિવર્તન આવે તો જરુરથી ગુજરાતનો વિકાસ થશે.કાંકરીયાની પાળે કરાનાર એક વખતના જમણની કિંમત જેટલું તો ઘણા પરિવારો આખા મહિનાનું કમાતા નહી હોય.જો કે આ વાયબ્રન્ટ અને ગુજરાતના વિકાસની નિશાની અવશ્ય કહેવાય.

**લગ્ન વિષયક**
ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**જાહેરાત માટે સંપર્ક કરો**
આપની વ્યવસાયલક્ષી કે
લગ્ન સબંધી,જાહેરાત
વિશાળ વાચક વર્ગ સુધી
ઝડપથી પહોચાડવા માટે
અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

## બનાસકાંઠાના શિહોરી તાલુકાના સમન્વા ગામે ધાર્મિક સ્થળ તોડી પાડવા અંગેની ફરિયાદ નોંધવા ગુજરાત હાઇકોર્ટનો આદેશ

ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાવેલ એક પીટીશનમાં જણાવ્યા મુજબ બનાસકાંઠા જિલ્લાં આવેલ શિહોરી તાલુકના સમન્વા ગામમાં બલોચ પરિવારનું એક ધાર્મિક સ્થળ અને કબ્રસ્તાન હતું.પીટીશનરો અરજીમાં જણાવ્યા મુજબ સહુ પ્રથમ ગામલોકોએ તેમને તેમના સ્થળેથી હાંકી કાઢયા હતા.ત્યારબાદ તેમનું ધાર્મિક સ્થળ તોડી પાડ્યું હતું.આ અંગેની તેઓએ ફરિયાદ નોધવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસે આ બાબતે કોઈ કાર્યવાહી કરી નહોતી.

ગુજરાત હાઈકોર્ટે પોલીસને ફરિયાદ નોંધવાનો આદેશ કર્યો હતો.તેમજ અત્યાર સુધીમાં ફરિયાદીઓની ફરિયાદના આધારે શા માટે ફરિયાદ નથી નોંધાઈ તે બાબતે એક મહીનામાં જવાબ રજુ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.

## ૨૫મી ડિસેમ્બર,માજી વડાપ્રધાન બાજપાઇજીના જન્મદિનથી રાજ્યભરમાં શ્રમજીવી કલ્યાણ મેળાનું ગુજરાત સરકાર આયોજન કરશે

ગુજરાત રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર આગામી ૨૫મી ડિસેમ્બર એટલે કે માજી વડાપ્રધાન અટલબિહારી બાજપાઈજીના જન્મ દિવસથી રાજ્યના ૨૦ જિલ્લાઓમાં શ્રમિક કલ્યાણ મેળાઓનું આયોજન કરશે..

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, વીડીયો કોન્ફરન્સ દ્વારા પ્રવચન આપશે.મુખ્યમંત્રી વેબ પોર્ટલ અને શ્રમ હેલ્પ લાઈનનો શુભારંભ કરાવશે.આગામી વર્ષે રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચુંટણીને નજર સમક્ષ રાખીને રાજ્યના ગામેગામ ભાજપના પ્રચાર માટે આ વ્યુહ અપનાવવામાં આવ્યો છે. તેવું મનાઈ રહ્યુ છે.

સરકારના સત્તાવાર સુત્રોએ જણાવ્યું કે, રાજ્યમાં વસતા અસંગઠિત ક્ષેત્રોના શ્રમિકો માટે આ મેળા યોજવામાં આવી રહ્યા છે. ૨૦ જિલ્લાઓમાં શ્રમિકોની નોધણી ૨૦ ડિસેમ્બર સુધીમાં પુરી કરવામાં આવશે.આ નોધણીને આધારે શ્રમિકોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં આવશે. શ્રમિકોને લાભ આપવા માટે જુદા જુદા વિભાગોને જવાબદારી સોપવામાં આવી છ.શ્રમિક કલ્યાણ મેળાના આયોજન પાછળ મુખ્યત્વે ૨૦૧૫ના વર્ષમાં તાલુકા, જિલ્લા પંચાયતો,મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની ચુંટણીઓને જવાબદાર ગણવામાં આવે છે.



**વિનંતી**
**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ **નીલા ફાઇનાન્સ** ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા,
અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સર્વ ક્ષેત્રે સમૃધ્ધિ,
સર્વ ક્ષેત્રે ઉજાસ

# વનવાસી ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ ગુજરાત

## સૌનો સાથ......
## સૌનો વિકાસ.....

આદિજાતિ વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૪૦,૦૦૦ કરોડની ફાળવણી

સ્વાવલંબન અભિયાન : આદિવાસી મહિલા પશુપાલકોને આત્મનિર્ભર બનાવવા દુધાળા પશુ અને સાધનસહાય યોજના

ટેલેન્ટ પુલ યોજના : ૧૩૨૫ આદિજાતિના વિદ્યાર્થીઓનો ખાનગી શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ માટે સહાય

વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ થકી વનબાંધવોને મળ્યો આર્થિક ઉન્નતિનો રાહ

૭૩૦૨૯ આદિવાસીઓના ૧૦.૯૭ લાખ એકર જમીન પરના દાવા માન્ય

આદિવાસી ક્ષેત્રમાં ૯૯ સબ સ્ટેશનોની સ્થાપના : વીજ પુરવઠો મળતાં વિકાસને મળ્યો વેગ

૨૬ આદિવાસી તાલુકાના ૭,૦૦,૦૦૦ બાળકોને દુધ સંજીવની યોજનાનો લાભ

આદિવાસીઓના સાર્વત્રીક ઉત્કર્ષ માટે બૃહદ હાટની સંકલ્પના સાકાર કરવા રાજ્યના ૧૪ આદિજાતી જિલ્લાઓમાં રૂ.૨૪કરોડનું માતબર રકમનું આયોજન.



શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

શ્રી મંગુભાઇ પટેલ
મંત્રી,વન,પર્યાવરણ અને આદિજાતિ વિકાસ

શ્રી કાંતિભાઇ ગામીત
રાજ્યમંત્રી,આદિજાતિ વિકાસ

## લગ્ન વિષયક વેબસાઇટ્સ માટે આધાર કાર્ડ ફરજીયાત બનાવવા માટે મહિલા અને બાળવિકાસ મંત્રી મેનકા ગાંધીનો પ્રસ્તાવ

લગ્ન વિષયક વેબસાઈટ પર અપાતી માહિતીઓમાં સાચી ઓળખનો અભાવ હોવાથી મહિલાઓ છેતરાય છે તેવા અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. તેથી સરકાર આ બાબતે વેબસાઈટ્સ પોર્ટલપરની પ્રોફાઈલમાં આધાર કાર્ડ ફરજીયાત બનાવવા માંગે છે જેથી માહિતી આપનારની સચોટ માહિતી મળી શકે.

આધાર કાર્ડ ટુંક સમયમાં લગ્ન માટે કદાચ ફરજીયાત બની શકે.સરકારે તમામ લગ્નવિષયક વેબસાઈટ્સને પોર્ટલ પરની પ્રોફાઈલની ભરોસાપાત્રતા ચકાસવા માટે જણાવ્યું છે દિલ્હીના કેબ ડ્રાઈવર દ્વારા બળાત્કારની ઘટના બાદ મહિલા અને બાળ વિકસ મંત્રી મેનકા ગાંધીએ આ પ્રસ્તાવ મુક્યો છે.

મંત્રીએ પ્રોફાઈલને આધાર કાર્ડની માહીતિ સાથે સરખાવવાનું સુચન કર્યુ છે. આગામી વર્ષના પ્રારંભ સુધીમાં તમામ મેટ્રોમોનિયલ સાઈટ્સે આ નિયમનું પાલન કરવાનુ રહેશે. ગાંધીએ મેટ્રોમોનિયલ સાઈટ્સને બનાવટી પ્રોફાઈલ્સ શોધી કાઢવા નિર્દેશ કર્યો છે.

મેનકા ગાંધીના જણાવ્યા મુજબ મેટ્રોમોનિયલ સાઈટસ પર પ્રોફાઈલ મુકવા અત્યારે મોબાઈલ નંબર એક માત્ર જરુરીયાત છે.મંત્રાલયના એક વિરષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ આ ખરેખર પુરતું નથી.સેકડો લોકો દર મહિને મેટ્રોમોનિયલ સાઈટસ પર નોધણી કરાવે છે.જેમાં સારો મુરતિયો શોધતી ઘણી મહિલાઓ છેતરપીંડીનો ભોગ બને છે. ઘણા પુરુષો જુદી જુદી વેબસાઈટ્સ પર ઘણાં ખાતા ધરાવે છે.પ્રોફાઈલની ચકાસણી માટે આધાર કાર્ડને ફરજીયાત બનાવવાથી પ્રોફાઈલમાં વ્યક્તિ ફોટો પણ મુકશે.આ પગલાંથી લેભાગુઓ,લફરાંબાજો અને પરિણિત હોવા છતાં અપરિણિત હોવાનો દાવો કરનારાઓનો ભાંડો ફુટી જશે.ઈટીના ગયા વર્ષના અહેવાલ મુજબ મેટ્રોમોનિયલ સાઈટસ પર ૩,૫-૪ કરોડ ઓનલાઈન રજીસ્ટર્ડ પ્રોફાઈલ્સ છે. અને દર મહિને ૨૨ લાખ ઓનલાઈન પ્રોફાઈલ્સ અપલોડ કરાય છે.જેમાંથી લગભગ ૧૦ ટકાને યોગ્ય જીવનસાથી શોધવામાં સફળતા મળે છે.દિલ્હી પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ મેટ્રોમોનિયલ સાઈટસ પર પુરુષો બનાવટી ઓળખ આપતા હોવાની ઘણી ફરિયાદો મળી છે.તેમણે કહ્યુ હતું કે એક વ્યક્તિની તાજેતરમાં ધરપકડ કરાઈ તે ત્રણ અગ્રણી સાઈટસ પર પ્રોફાઈલ ધરાવતો હતો.તેણે ૧૦૦૦મહિલાને રીકવેસ્ટ મોકલી હતી.ઓછામાં ઓછી ૩૦ મહિલાના સંપર્કમાં હતો.અને અમુકને લગ્ન કરવાનું વચન આપ્યુ હતું.તેથી ઓળખનો પુરાવો જરુર છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## નવી મુંબઇમાં મહિલાઓના ડ્રેસ કોડ બાબતે હોબાળો મચ્યો

નવી મુંબઈના ગોઠીવલી ગામ વિસ્તારમાં સ્ત્રીઓના એક સમુહે તાજેતરમાં જ મહિલાઓને નાઈટ ગાઉન પહેરીને ઘરની બહાર નીકળવા પર પ્રતિબંધ લાધ્યો હતો.ઘરની બહાર,ગાઉન પહેરીને નીકળવું એ અસભ્ય વર્તન ગણીને આમ કરનારને રુ ૫૦૦નો દંડ ચુકવવાનું ફરમાન કર્યુ હતું.આ ગામનું ઈન્દ્રાણી મહિલા મંડળ તરીકે ઓળખાતું આ મંડળ ગામના મુળ રહેવાસીઓનું છે. છેલ્લા કેટલાક સમયથી અહીં બહારના લોકો આવીને સ્થાઈ થયા છે.આ મહિલા મંડળે જાહેરાત કરી હતી.આ જાહેરાત નોટિસ બોર્ડ પર મુકાતાં જ અન્ય મહિલાઓએ તેનો વિરોધ કર્યો હતો.પોલીસે દખલ કરીને નોટીસ બોર્ડ જપ્ત કર્યુ હતું.આ મામલાનો ઉકેલ લાવવા માટે ગ્રામજનોની એક મીટીંગ બોલાવાઈ હતી.ત્યારબાદ મંડળે તેમનો નિર્ણય પાછો ખેચ્યો હતો.

જોકે થોડાક સમય પહેલા આ ગામનો નવી મુંબઈમાં સમાવેશ કરાતાં તે આધુનિક બની રહ્યું છે.તેથી અહીની રૂઢિગત માનાસિકતા બદલાતા થોડોક વખત લાગશે તેવું ત્યાંના પોલીસ ઈન્સપેકટરે જણાવ્યુ હતું.ગામની પરંપરાને નામે પહેરવેશ અંગે કોઈને બળજબરી ના કરી શકાય. આ રીતે દંડ કરવાનો અધિકાર તો બંધારણ આપતું નથી.

જો કે કપડાં પહેરવાની બાબત અંગે કેટલીક જાગૃતતા જરુરી છે.તેમાં બાંધછોડ કરવી જરુરી છે અને નથી પણ.


**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨


## નોબલ પ્રાઇઝ વિજેતા મલાલાને તાલિબાને ઇસ્લામ વિરોધી જાહેર કરી



તાજેતરમાં જેને ટીનેજર શિક્ષણ ક્ષેત્રની સક્રીય કાર્યકર તરીકે નોબેલ પ્રાઈઝ મળ્યું છે તેવી પાકિસ્તાન મલાલા યુસુફઝાઈ સામે પાકિસ્તાનની કટ્ટરવાદી સંસ્થા તાલિબાનોએ તેણીને ઈસ્લામિક સમાજવિરોધી સૈનિક ગણાવી હતી.

ઓકટો.૨૦૧૨માં છોકરીઓના શિક્ષણના અધિકારનો મત વ્યક્ત કરાતાં તાલિબાનોએ તેણીને ગોળી મારી હતી. પરંતુ તેણી તેમાંથી બચી ગઈ હતી.તેના કાર્ય માટે વિશ્વનું સૌથી મોટું શાંતિ નોબલ પારિતોષિક તેણીને ભારતના કૈલાશ સત્યાર્થી સાથે મળ્યું હતું. ૧૭ વર્ષીય આ બાળાએ બાળકોના શિક્ષણના અધિકાર માટે લડત ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.અત્યાર સુધીમાં નોબેલ મેળવનાર તે સૌથી નાની વયની વ્યક્તિ છે.જો તેણીને પાકિસ્તાનમાં જઈને ત્યાંની છોકરીઓ માટ કામ કરવું અઘરુ છે.તાલિબાનો હજુ પણ તેની હત્યા કરવાનો ઈરાદો ધરાવે છે.

## વિશ્વ હિંદુ પરિષદે હિમાચલ પ્રદેશને હિંન્દુ રાજ્ય ઘોષિત કરવાનો મનસુબો જાહેર કર્યો

વિશ્વ હિંદુ પરિષદે આવતા વર્ષે માર્ચ અને એપ્રિલમં થનારા પોતાના સંમેલનોમાં હિમાચલ પ્રદેશે હિંદુ રાજ્ય ઘોષિત કરવાનો સંકલ્પ કર્યો છે.૪ મે,૨૦૧૫મં વિશ્વ હિંદુ પરિષદની પરિષદ શિમલામાં મળનાર છે.અને તેમાં ૪૦ હજાર જેટલા તેમના લોકો એકઠા મળવાના છે. આ પરિષદમાં હિમાચલે સંપુર્ણ હિન્દુ રાજ્ય બનાવવાની ઘોષણા થસે અને તેમાં ૨૦૧૫ સુધીમાં ભવ્ય રામમંદિર બનાવવાની પણ યોજના જાહેર કરવામાં આવશે.પરિષદના રાજ્ય સંગઠન મંત્રી મનોજ કુમારે કહ્યું હતું કે હિમાચલને હિંદુ રાજ્ય ઘોષિત કર્યા બાદ તેમાં કોઈ મુસ્લીમ કે ખ્રિસ્તીને પ્રવેશવા દેવામાં આવશે નહી.

## ધર્મ પરિવર્તનના મામલે જમિયતે ઉલેમાએ હિંદનું કલેકટરશ્રીને આવેદન પત્ર

વડોદરા શહેરમાં જમીયતે ઉલેમાએ હિંદ દ્વારા કલેકટરશ્રીને આવેદનપત્ર આપીને બિનસાંપ્રદાયિક દેશની છબી ખરડવાના ભારતમાં બની રહેલા બનાવોને વખોડી કાઢીને આવા તત્વો તથા સંગઠનો સામે પગલાં ભરવાની માંગણી કરી હતી.રાષ્ટ્રપતિને સંબોધીને લખેલા આવેદન પત્રમાં જણાવાયું હતં કે કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સૌના વિકાસનો એજન્ડા લઈને કામ કરી રહી છે. પરં તેની સાથે સંકળાયેલી કેસરીયા છાવણી દેશભક્તિના ઓથા હેઠળ હિદુત્વના એજન્ડાને આગળ ધરીને હિંદુઓને મુસ્લીમ વિરુધ્ધ ઉશ્કેરી રહ્યા છે.દેશમાં કેટલાક સ્થળોએ કેટલાક સંગઠનો દ્વારા ગરીબ મુસ્લીમ પરિવારોનું રેશનકાર્ડ સહિત વિવિધ લાલચ આપીને ધર્મ પરિવર્તન કરાવવાની થતી પ્રવૃતિ યોગ્ય નથી.જમીયતે ઉલેમાએ હિંદે આવા સંગઠનોની પ્રવૃત્તિને વખોડી કાઢી આવા પરિબળોની સામે પગલાં ભરવાની માંગણી કરી હતી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.